**પ્રેસ પ્રકાશન**
**ભારતીય રિઝર્વ બેંક**
**વેબસાઈટ : www.rbi.org.in**

સંચાર વિભાગ, કેન્દ્રીય* કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
ફોન : 91 22 22610835 / ફેક્સ : 91 22 2266 0358 ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

ઓક્ટોબર 06, 2017

## સૉવરીન સુવર્ણ બોન્ડ્સ, યોજના

ભારતીય રિઝર્વ બેન્કે, ભારત સરકાર સાથે પરામર્શ કરી ને સૉવરીન સુવર્ણ બોન્ડ્સ જારી કરવા નું નક્કી કર્યું છે. બોન્ડ માટે ની અરજીઓ ઓક્ટોબર 09, 2017 થી ડિસેમ્બર 27, 2017 સુધી સાપ્તાહિક ધોરણે સ્વીકારવામાં આવશે. બોન્ડ્સ દરેક ભરણા ના સમયગાળા પછીના સોમવારે જારી કરવામાં આવશે. બોન્ડ્સ નું વેચાણ બેન્કો, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરશન ઓફ ઈન્ડિયા (SHCIL), નિયુક્ત પોસ્ટ ઓફિસો અને માન્યતા પ્રાપ્ત સ્ટોક એક્ષ્ચેંજો જેમ કે, નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ, બોમ્બે સ્ટોક એક્ષચેન્જ, દ્વારા કરવામાં આવશે. બોન્ડ ની લાક્ષણિક્તાઓ નીચે આપવામાં આવેલ છે.

| ક્રમાંક | આઈટમ (Item) | વિગતો |
|---|---|---|
| 1. | વસ્તુ નું નામ | સૉવરીન સુવર્ણ બોન્ડ્સ. |
| 2. | ફાળવણી | ભારત સરકાર વતી ભારતીય રિઝર્વ બેન્ક જારી કરશે |
| 3. | પાત્રતા/યોગ્યતા | બોન્ડ નું વેચાણ નિવાસી ભારતીય કંપનીઓ વ્યક્તિઓ સહિત, HUFs, ટ્રસ્ટ, યુનિવર્સિટીઓ અને સખાવતી સંસ્થાઓ સુધી સીમિત રહેશે. |
| 4. | ડીનોમિનેશન | બોન્ડ સોના ના 1 ગ્રામ ના મૂળભૂત એકમ સાથે તેના ગ્રામ ગુણાંકમાં વરાયેલ હશે. |
| 5. | મુદત | બોન્ડ્ ની મુદત વ્યાજ ચુકવણી ની તારીખે ઉપયોગ કરી ને 5 વર્ષે બહાર નીકળવના વિકલ્પ સાથે 8 વર્ષના ના ગાળા માટે હશે. |
| 6. | ન્યૂનતમ કદ | ન્યૂનતમ મંજૂરીપાત્ર રોકાણ 1 ગ્રામ સોનું હશે. |
| 7. | મહત્તમ મર્યાદા | ભરણાની મહત્તમ મર્યાદા નાણાકીય વર્ષ (એપ્રિલ-માર્ચ) માટે વ્યક્તિ માટે 4 કિલો ગ્રામ, એચયુએફ (HUF) માટે 4 કિલો ગ્રામ અને ટ્રસ્ટો અને સરકાર દ્વારા વખતો વખત અધિસુચિત આવા જ અકમો માટે 20 કિલો ગ્રામ રહેશે. આવું સેલ્ફ ડિકલેરેશન મળવવા માં આવશે. વાર્ષિક મર્યાદામાં સરકાર દ્વારા પ્રારંભિક ઈશ્યૂ દરમિયાન વિવિધ તબક્કાઓ હેઠળ સબસ્ક્રાઈબ્ડ (બોન્ડ્સ) અને ગૌણ બજારમાંથી ખરીદેલ બોન્ડ્સ નો સમાવેશ થશે. |
| 8. | સંયુક્ત ધારક | સંયુક્ત હોલ્ડિંગ ના કિસ્સામાં 4 કિલો ગ્રામ ની રોકાણ મર્યાદા ફક્ત પ્રથમ અરજદાર પર લાગુ કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| 9. | ઈશ્યુ ભાવ | બોન્ડ નો વાસ્તવિક ભાવ ભારતીય રૂપિયા માં, ભારતીય બુલિયન એન્ડ જ્વેલર્સ એશોસીએશન લિમિટેડ દ્વારા પ્રકાશિત કરાતા 999 શુદ્ધતા ના સોનાના, સબ્સ્ક્રિપ્શન અવધિ ના આગળ ના સપ્તાહ ના છેલ્લા ત્રણ કામકાજ ના દિવસ ના બંધ ભાવ ની સાદી સરેરાશ પર થી નિશ્ચિત કરાશે. **ઓન-લાઈન સુબસ્ક્રઈબ કરનાર અને ડિજિટલ પદ્ધતિ થી ચુકવણી કરનાર માટે સુવર્ણ બોન્ડ નો ઈશ્યુ ભાવ ₹ 50/- સોના ના પ્રતિ ગ્રામ દીઠ ઓછો હશે.** |
| 10. | ચુકવણી વિકલ્પો | બોન્ડ્સ નું પેમેન્ટ નકદ ( મહત્તમ ₹ 20,000/- સુધી), ડિમાન્ડ ડ્રાફ્ટ, ચેક અથવા ઈલેક્ટ્રોનિક બેંકિંગ થી કરવાનું રહેશે. |
| 11. | ફાળવણી ફોર્મ | સુવર્ણ બોન્ડ્સ જીએસ (GS) એક્ટ 2006, હેઠળ ભારત સરકાર ના સ્ટોક જેમ જારી કરાશે. રોકાણકારો ને તેના માટે હોલ્ડિંગ સર્ટિફિકેટ જારી કરવામાં આવશે. બોન્ડ્સ ડિમેટ માં પરીવર્તન માટે લાયક છે. |
| 12. | રિડંપ્શન ભાવ | રિડંપ્શન ભાવ, ભારતીય રૂપિયા માં, IBJA દ્વારા પ્રકાશિત અગાઉના ત્રણ કાર્યકારી દિવસ ના 999 શુદ્ધતા સોનાના બંધ ભાવ ની સાદી સરેરાશ પર આધારિત રહેશે. |
| 13. | વેચાણ માટે ચેનલ | બોન્ડ નું વેચાણ બેન્કો, સ્ટોક હોલ્ડિંગ કોર્પોરશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (SHCIL), નિયુક્ત પોસ્ટ ઓફિસો (જે અધિસૂચિત કરવામાં આવશે) અને માન્યતાપ્રાપ્ત સ્ટોક એક્ષચેંજો જેમ કે નેશનલ સ્ટોક એક્ષચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ અને બોમ્બે સ્ટોક એક્ષચેન્જ, દ્વારા સીધું કે એજન્ટ મારફતે કરવામાં આવશે. |
| 14. | વ્યાજ દર | રોકાણકારો ને અંકિત મૂલ્ય પર 2.50% પ્રતિ વર્ષ ના દરે, અર્ધ વાર્ષિક ધોરણે વળતર આપવા માં આવશે. |
| 15. | જામીનગીરી (collateral) | લોન માટે બોન્ડ્સ ને જામીનગીરી જેમ વાપરી શકાશે. લોન ટૂ વેલ્યૂ ગુણોત્તર સામાન્ય સુવર્ણ લોન માટે રિઝર્વ બેન્કે વખતો વખત આદેશ કર્યા પ્રમાણે રાખવા નો રહેશે. |
| 16. | KYC ડોક્યુમેન્ટ | તમારા ગ્રાહક ને જાણો (KYC) ના ધોરણો સામાન્ય સોના ની ખરીદી જેવા રહેશે. KYC ડોક્યુમેન્ટ જેવા કે મતદાતા ઓળખપત્ર, આધાર કાર્ડ, PAN અથવા TAN/પાસપોર્ટ જરૂરી છે. |
| 17. | કર (ટેક્ષ ) ટ્રીટમેન્ટ | બોન્ડ પર નું વ્યાજ ઈનકમટેક્ષ એક્ટ, 1961 (1961 ના 43) ની જોગવાઈઓ અનુસાર કરપાત્ર હશે. વ્યક્તિ ને સુવર્ણ બોન્ડ (SGB) ના રીડિમ્પ્શન વખતે થતો મૂડી લાભ (નફો) કર મુક્ત છે. બોન્ડના ટ્રાન્સફર થી કોઈ વ્યક્તિને થતા લાંબા ગાળાના મૂડી લાભ પર ઈંડેક્શેશન ના લાભો પ્રદાન કરવામાં આવશે. |
| 18. | ટ્રેડેબિલિટી | બોન્ડ્સ જારી કર્યા ના પખવાડિયા માં તેના સોદા (ટ્રેડેબલ) સ્ટોક એક્ષચેંજો પર આર.બી.આઈ એ અધિસુચિત કરેલી તારીખ થી થઈ શકશે. |
| 19. | SLR પાત્રતા | બોન્ડ્સ સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો ના હેતુ માટે પાત્ર હશે. |
| 20. | દલાલી | ભરણું સ્વીકારનાર કચેરીઓ ને, તેમણે સ્વીકારેલ કુલ ભરણા ના 1% ના દરે દલાલી ચૂકવવા માં આવશે અને ભરણું સ્વીકારનાર કચેરીઓ એ તેમાંથી ઓછામાં ઓછી 50% દલાલી ધંધો લાવનાર એજન્ટ અથવા સબ એજન્ટ સાથે વહેંચવાની રહેશે. |

અજિત પ્રાસાદ

પ્રેસ પ્રકાશન: 2017-2018/957 સહાયક સલાહકાર